હાઉસિંગ કોલોની સરદાર હાઇટ્સમાં કરોડોના મેન્ટેનન્સ ભંડોળમાં ભ્રષ્ટાચારની ગંધ

# સરદાર હાઈટ્સમાં લિફ્ટ દુર્ઘટના!

**વલસાડના** 'સરદાર હાઈટ્સ'ની લિફ્ટ રહીશ દરવાજો બંધ કરે એ પહેલાં જ ઉપર જતી રહી



વલસાડ : ગુજરાત સરકાર નિર્મિત વલસાડના 'સરદાર હાઈટ્સ' સંકુલમાં આજે લિફ્ટમાં એક દુર્ઘટના ઘટી હતી. જેમાં એક રહીશ લિફ્ટમાંથી બહાર નિકળી દરવાજો બંધ કરે એ પહેલાં જ ખુલ્લા દરવાજે લિફ્ટ ઉપર જતી રહી હતી. આ દુર્ઘટનાએ વહીવટદારો અને મેન્ટેનન્સ એજન્સીની મીલીભગત સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. સાબરમતી બિલ્ડીંગમાં બનેલી આ ઘટનામાં રહીશનો આબાદ બચાવ થયો છે, પરંતુ આ ઘટનાએ સંકુલમાં વર્ષોથી ચાલતા 'ભ્રષ્ટાચારના ખેલ'ને ફરી સપાટી પર લાવી દીધો છે. વલસાડની સરદાર હાઈટ્સ સોસાયટીમાં 18 બિલ્ડીંગોમાં 36 લિફ્ટ છે. એક બિલ્ડીંગની લિફ્ટમાં થયેલી દુર્ઘટનાથી રહેવાસીઓમાં ફફડાડ ફેલાઈ ગયો છે. આજે સાબરમતી બિલ્ડીંગમાં બનેલી ઘટનામાં રહીશ વત્સલભાઈ પાંચાલ બે સેકન્ડના અંતરથી બચી ગયા હતાં. આ બિલ્ડીંગના મેન્ટેન્સને લઈને પણ ભારે રોષ ઉઠ્યો છે. સરદાર હાઈટ્સ સંકુલ પાસે મેન્ટેનન્સ પેટે કરોડો રૂપિયાનું માતબર ભંડોળ જમા છે. આટલી મોટી રકમ હોવા છતાં રહીશોને પ્રાથમિક સુરક્ષા પણ મળતી નથી. રહીશોમાં ચર્ચા છે કે, મેન્ટેનન્સના નામે થતા લાખોના ખર્ચમાં માત્ર કાગળ પર જ સજાવટ થાય છે? Omega Elevators જેવી કંપનીઓને અપાતા કોન્ટ્રાક્ટમાં કોના ખિસ્સા ભરાય છે? વર્ષોથી ચાલતી આ લડાઈમાં રહીશોના જીવ કેમ જોખમમાં મુકાય છે? આવા સવાલોના જવાબો અહીંના રહીશોને મળતા નથી. નોંધનીય છે કે આ સંકુલમાં નવી બોડીની નિમણૂક વખતે પણ ભારે હોબાળો અને જૂથવાદ જોવા મળ્યો હતો. સત્તા હસ્તગત કરવા માટે મોટી લડાઈ લડવામાં આવી હતી. પરંતુ નવી બોડી આવ્યા બાદ પરિસ્થિતિમાં સુધારો દેખાયો નથી.

### કલેક્ટરને રિપોર્ટ કરાયો છે

આ સોસાયટીના પ્રમુખ હેતલ દેસાઈએ 'ગુજરાતમિત્ર'ને જણાવ્યું કે, આ ઘટના બન્યા બાદ તેઓ સતર્ક થઇ ગયા છે. તેનો પ્રાથમિક રિપોર્ટ જિલ્લા કલેક્ટરને કરી દેવાયો છે. તેમજ સાથે સાથે લિફ્ટ મેનેજ કરતી તેની મેન્યુફેક્ટરીંગ કંપનીને પણ કરાયો છે. તેમના દ્વારા હાલ 36 લિફ્ટનું ચેકિંગ કરાયું છે. ધુળેટી બાદ તમામે તમામ લિફ્ટનું ચેકિંગ ઝીણવટભરી રીતે કરવામાં આવશે.

### વાર્ષિક રૂપિયા 11 લાખની રકમનો મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ

સરદાર હાઇટ્સ સોસાયટી દ્વારા ઓમેગા એલિવેટર્સને લિફ્ટના મેન્ટેનન્સનો વાર્ષિક રૂપિયા 11 લાખની માતબર રકમનો મેન્ટેન્સ કોન્ટ્રાક્ટ અપાયો છે. દર મહિને એક લિફ્ટના અઢી હજાર પૈકી 36 લિફ્ટના રૂપિયા 91 હજાર મેન્ટેનન્સ પેટે ચૂકવાઇ રહ્યા છે. તેમાં સ્પેરપાર્ટ્સની જરૂર હોય તો તેનો ચાર્જ જુદો રહે છે. જોકે, રહીશોના જણાવ્યા મુજબ, લિફ્ટનું મેન્ટેનન્સ થતું જ નથી. જ્યારે કોઇ તકલીફ આવે ત્યારે ફરિયાદ કરીએ તો તેની મરામત થાય છે. ત્યારે આ કોન્ટ્રાક્ટ સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

## ધરમપુરમાં કાર-બાઈક વચ્ચેના અકસ્માતમાં યુવાનનું મોત

ધરમપુર : ધરમપુર તાલુકાના ધામણી, સફળીયા નજીક ધરમપુરથી વેરીભવાડા તરફ જતા માર્ગ પર કાર અને બાઈક વચ્ચે થયેલા ગંભીર અકસ્માતમાં 28 વર્ષીય યુવાનનું મોત નિપજ્યું છે. ધરમપુર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, સોમાભાઈ રૂપજીભાઈ વાજવડીયા (ઉ.48, રહે. દાંડવળ, મૂળગામ ફળીયા, તા. ધરમપુર)નો પુત્ર કૈલાશ (ઉં.28) બાઈક લઈને ધામણી, સાવરમાળ ફળીયા નજીક ધરમપુરથી વેરીભવાડા તરફ જતા માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન પૂરઝડપે દોડી રહેલી કાર અડફેટમાં આવી ગયો હતો અને તેને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને તરત જ સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. અકસ્માત કરનાર કારચાલક કેતન હસમુખભાઈ પટેલ (રહે. પ્રતાપનગર, વાંસદા) સામે ધરમપુર પોલીસ મથકમાં પિતા સોમાભાઈએ ફરિયાદ નોંધાવી હતી.

## ગણદેવી કોર્ટમાં ચુકાદા પૂર્વે જ આરોપીનું હાર્ટએટેકથી નિધન

**તલાવચોરાના** વૃદ્ધ સામે વર્ષ ૨૦૧૮થી કેસ ચાલતો હતો અને આખરી ચુકાદા તરફ આગળ વધતો હતો

બીલીમોરા : ગણદેવી કોર્ટનાં પ્રથમ માળે મંગળવારે એક અત્યંત કરુણ ઘટના સામે આવી હતી. કોર્ટની તારીખે હાજર રહેવા આવેલા ચીખલી તાલુકાના તલાવચોરા ગામના ૭૨ વર્ષીય વૃદ્ધ સુરેશભાઈ દેવદત્તભાઈ દેસાઈનું અચાનક હાર્ટ એટેક આવતાં નિધન થયું હતું. તેઓની સામે વર્ષ ૨૦૧૮થી કેસ ચાલી રહ્યો હતો અને સંભવત આખરી ચુકાદા તરફ આગળ વધતો હતો.

મળતી માહિતી અનુસાર, ચીખલી તાલુકાના તલાવચોરા ગામે દેસાઈ ફળિયામાં રહેતા સુરેશભાઈ દેવદત્તભાઈ દેસાઈ વિરુદ્ધ વર્ષ ૨૦૧૮માં બીલીમોરાના પ્રભાતભાઈ મગનભાઈ દેસાઈએ પશુ ખરીદીની લેવડદેવડ સંબંધિત રૂપિયા ૫ લાખની નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. લાંબા સમયથી ચાલી રહેલો આ કેસ અંતિમ નિર્ણયની નજીક પહોંચ્યો હોવાનું જણાવાય છે.

મંગળવારે કોર્ટમાં તારીખ હોવાથી સુરેશ દેસાઈ કોર્ટ પહોંચ્યા હતા. તેઓ કોર્ટના પ્રથમ માળે બાંકડા ઉપર બેઠેલા હતા. ત્યારે અચાનક છાતીમાં તીવ્ર દુખાવો તથા ખેંચ અનુભવાતા બેભાન થઇ ગયા હતા. તરત જ કોર્ટ પરિસરમાં હલચલ મચી ગઈ હતી. તત્કાળ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તેમને ગણદેવી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડો. નિરવ પટેલે હાર્ટ એટેકને કારણે અવસાન થયું હોવાનું જાહેર કર્યું હતું. મૃતકની પૌત્રી રાજલ દેસાઈ (રહે. તલાવચોરા) હોસ્પિટલ દોડી આવી હતી અને દાદાના નિધનના સમાચાર સાંભળતાં જ પરિવાર શોકમગ્ન બન્યો હતો. ગણદેવી પોલીસે નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## વાપી મનપાનું બજેટ કરવેરાના વધારા વગરનું હોવાની સંભાવના

**લોકો** પાસેથી 41 સૂચનો આવ્યા તેમાં કેટલાક સૂચન તો ટ્રેનને સ્ટોપેજ કે રેલવેને લગતા હતા

વાપી : વાપી મહાનગરપાલિકા બન્યા બાદ તેના બજેટનું કદ વધી રહ્યું છે તે રીતે મનપા પાસે લોકોની અપેક્ષા પણ વધી રહી છે. જોકે સામી ચૂંટણીએ વાપી મહાનગરપાલિકાનું બીજું બજેટ પણ કોઈ પણ જાતના વધારાના કરવેરા વગરનું હોવાની પૂરી સંભાવના છે. ખાસ તો વાપી મહાનગરપાલિકામાં સમાવેશ થયેલા ૧૧ ગામો ઉપર નવા બજેટમાં પણ વધુ ધ્યાન કેન્દ્રીત થાય તેવી શક્યતા છે. પહેલા બજેટની જેમ બીજા બજેટ પહેલા પણ મનપાના મ્યુન્સિપલ કમિશનર યોગેશ ચૌધરીએ લોકો પાસેથી બજેટમાં તેમની અપેક્ષાઓ મુજબ શું કરવું જોઈએ તેના માટે સૂચનો મગાવ્યા હતા. પરંતુ 41 સૂચનોમાં મોટાભાગના રસ્તા, ગટર અને પાણી તેમજ સફાઈને લગતા જ જોવા મળ્યા હતા. આ સૂચનોમાં કેટલાક વાપી મનપાને લાગતું વળગતું નહીં હોય તેવા પણ સૂચનો જોવા મળ્યા હતા. જેમાં વાપી રેલવે સ્ટેશન ઉપર ટ્રેનના સ્ટોપેજ કે પછી વાપી રેલવે સ્ટેશન ઉપર શેડ બનાવવા અંગે પણ સૂચનો કરવામાં આવ્યા હતા. વાપી મનપા કમિશનર યોગેશ ચૌધરી આગામી સપ્તાહમાં બજેટ રજૂ કરે તેવી શક્યતા છે. જોકે હજી વાપી મનપાની ચૂંટણી નહીં થઈ હોવાથી વલસાડ જિલ્લા કલેકટર ભવ્ય વર્મા વહીવટદાર તરીકે બજેટ રજૂ કરવા માટે ઉપસ્થિત રહેશે.

### પહેલું બજેટ 640.88 કરોડનું હતું

વાપી મનપા બન્યા બાદ પહેલું બજેટ મનપા કમિશનર યોગેશ ચૌધરીએ લોકોના સૂચન મગાવ્યા બાદ 640.88 કરોડનું રજૂ કર્યુ હતું. આ બજેટમાં ઉઘડતી સિલક 2,05,94,55,487 બતાવવામાં આવી હતી. જ્યારે અંદાજીત આવક 4,34,93,97,200 બતાવવામાં આવી હતી. આમ બજેટ 6,40,88,52,687 દર્શાવવામાં આવ્યું હતું. જે પૈકી અંદાજીત ખર્ચ 6,11,86,91,238 બતાવવામાં આવ્યો હતો તેથી 29,01,61,449 પુરાંત દર્શાવવામાં આવી હતી.

### વાપી મહાનગર બની ગયું છે તેવી સગવડ જરૂરી

વાપી મહાનગરપાલિકાએ ગત બજેટમાં લાઈબ્રેરી તેમજ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ માટે જોગવાઈ તો કરી હતી પરંતુ તે પૂરતી નથી. વાપીમાં એક એવી લાયબ્રેરી તેમજ યુવા પેઢી માટે રીડીંગરૂમ તેમજ ઓન લાઈન ક્લાસનો લાભ લઈ શકે તેવા ડીજીટલ બ્લેક બોર્ડ સાથે સ્ટડી રૂમ બનાવવા જોઈએ. જેથી વાપીની આસપાસના યુવા પણ તેનો લાભ લઈ શકે. લાઈબ્રેરીમાં યુપીએસસી, જીપીએસસી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી શકાય તેવી બુક્સ તેમજ તેને લગતી અપગ્રેડ માહિતી પણ હોવા જોઈએ. મોટી લાઈબ્રેરી બને તો તેમાં એક સાથે ઘણાં વિદ્યાર્થીઓ તેમની તૈયારી કરી શકે. તેમજ સાહિત્યની પ્રવૃત્તિ પણ થઈ શકે. તેવી રીતે સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ પણ મહાનગર પાલિકાના બજેટની જેમ મોટુ બનાવવું પડે. ૧૧ ગામના યુવકો સાથે પાલિકાના જૂનો વિસ્તારના લોકો માટે તે આશિર્વાદરૂપ બની શકે.



ઉમેશ સોલંકી

## UIAની ચૂંટણીમાં માજી પ્રમુખે ઝંપલાવ્યું

**ચૂંટણી** રસપદ રહે એવા એંધાણ, એસ્ટેટના હિતમાં તેઓ ચૂંટણી લડે તે માટે ઉદ્યોગપતિઓએ લાગણી વ્યક્ત કરી હતી

ઉમરગામ : આખરે ઉમરગામ UIA ની ચૂંટણીમાં પૂર્વ પ્રમુખ નરેશ બંથિયાએ ઝંપલાવ્યુ છે. જેના કારણે ચૂંટણી રસપદ રહે એવા એંધાણ વર્તાય ગયા છે. એસ્ટેટના હિતમાં નરેશ બંથિયા ચૂંટણી લડે અને આગેવાની કરે તે માટે ઉદ્યોગપતિઓ અને સમર્થકોએ લાગણી વ્યક્ત કરી હતી.

ઉમરગામ UIA (ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન)ની આગામી 27 મી માર્ચ 2026 ના રોજ 15 એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બરોને ચુંટી કાઢવા ચૂંટણી યોજવાની હોય ઉમેદવારી પત્રક ભરવાની અંતિમ તારીખ 5 માર્ચ છે. ગત 2 તારીખને સોમવારે ઉમરગામના કેટલાક ઉદ્યોગપતિઓનુ પ્રતિનિધિ મંડળ પૂર્વ (માજી) પ્રમુખ નરેશભાઈને મળવા પહોંચ્યું હતુ. અને તેઓના કાર્યકાળ દરમિયાન એસ્ટેટમાં ખૂબ સારા કામો થયા હોય તેઓ આ ચૂંટણી લડે અને આગેવાની કરે તેવી વિનંતી કરી હતી. તેના બીજા દિવસે મંગળવારે 3 માર્ચના રોજ નરેશભાઈ ઉમેદવારી પત્રક લઈ આવ્યા છે. આમ ઉમેદવારી પત્રક ભરવાના ચૂંટણી લડવાના સંકેતો આપતા ચૂંટણી રસપ્રદ રહે તેવું લાગી રહ્યું છે. અને ઉમરગામ જીઆઈડીસી એસ્ટેટમાં ઉદ્યોગપતિઓમાં સમર્થકોમાં ખુશીની લાગણી છવાઈ જવા પામી છે. મંગળવારે 3 માર્ચના બપોરે 1:00 વાગ્યા અને અત્યાર સુધીમાં કુલ 26 જણા ઉમેદવારી પત્રકો લઈ ગયા છે આમ કુલ બે પેનલ થાય તેવી શક્યતા છે.

## વલસાડના દંપતીને હનમતમાળ નજીક મારનારા બાઈક સવાર ત્રણની ધરપકડ

ધરમપુર : વલસાડ શહેરના મોગરાવાડીનું દંપતિ મોપેડ પર સાપુતારાથી પરત ફરી રહ્યુ હતુ તે અરસામાં હનમતમાળ બજાર નજીક ઓવરટેક મુદ્દે બાઈક સવાર 3 ઈસમોએ મોપેડને અટકાવી પતિ તથા પત્નીને હેલ્મેટથી માર માર્યો હતો. આ ઘટનામાં ઈજાગ્રસ્ત દંપતિ પૈકી પતિનું ખભાનું હાડકું ખસી જતાં રાજચંદ્ર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. મારામારી કરનારા ઈસમો સામે દંપતિએ ધરમપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે બાદ ધરમપુરનાં પીઆઈ નિખિલ ભોયા, પીએસઆઈ વસાવાએ ગણતરીના કલાકોમાં ત્રણેય બાઈક સવાર (1) જીગ્નેશ અર્જુન હીરા પટેલ (ઉં.26) (2) કૈલાશ દર્શન બીટુ રાઉત (ઉં.26) (3) સમીર નાનુ વાળલ (ઉં.24, તમામ રહે. હનમતમાળ, રાઉત ફળિયા)ની પોલીસે અટક કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે મોગરાવાડીના દંપતિને ઓવરટેક મુદ્દે બાઈક સવાર 3 ઈસમોએ મોપેડને અટકાવી માર માર્યો હતો.

## ઘડોઈની શ્રી ઘાટકેશ્વર મહાદેવ મંદિરને પ્રવાસન હોટસ્પોટ તરીકે વિકસાવાશે

**રૂપિયા** 1.80 કરોડના ખર્ચે રિવરફ્રન્ટ ઘાટ, લેન્ડસ્કેપિંગ, ચિલ્ડ્રન પ્લે એરિયા અને પાર્કિંગ જેવી સુવિધાઓ વિકસાવવા નિર્ણય

વલસાડ : રાજ્યના ઐતિહાસિક વારસાને જાળવવા અને યાત્રાધામોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાના મક્કમ નિર્ધાર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા એક જ દિવસમાં લેવાયો છે.

જેમાં વિવિધ યાત્રાધામ અને પ્રવાસન સ્થળો માટે આશરે રૂપિયા 28.68 કરોડના વિકાસલક્ષી કામોને વહીવટી અને નાણાકીય મંજૂરી આપવામાં આવી છે.

જેમાં વલસાડ જિલ્લાના ઘડોઈમાં આવેલા શ્રી ઘાટકેશ્વર મહાદેવ મંદિરના વિકાસ માટે રિવરફ્રન્ટ ઘાટ, લેન્ડસ્કેપિંગ અને ચિલ્ડ્રન પ્લે એરિયા જેવા કામો માટે રૂપિયા 1.80 કરોડ ફાળવવામાં આવ્યા છે.

વલસાડ જિલ્લા માટે આવનારા સમયમાં મહત્વનું ધાર્મિક સ્થળ બનશે. ઉપરાંત રાજ્યભરમાં વિકાસલક્ષી કામો આગામી સમયમાં ગુજરાતના પ્રવાસન નકશાને વધુ સુદ્રઢ બનાવશે અને શ્રદ્ધાળુઓ તેમજ પ્રવાસીઓ માટે સુવિધાઓના નવા દ્વાર ખોલશે.

## દેવું થઇ જતાં વાઘાબારીના યુવાનનો ડુંગર પર આપઘાત

વાંસદાઃ વાઘાબારીના યુવાને દેવાના માનસિક તાણમાં આવી અજમલગઢ ડુંગર પર ફાંસો ખાધો હતો. વાઘરી ગામે ઉતારા ફળિયામાં રહેતો કલ્પેશ રામજીભાઈ પટેલ (ઉ 24) શનિવારે તેના ઘરથી બાઈક નંબર જીજે 21 બીબી 83 53 લઈ ગુમ થઈ ગયો હતો. જેની બાઈક મંગળવારે બપોરે વાંસદા તાલુકાના ગોડમાર ગામે આવેલી અજમલગઢ ડુંગર પર આવેલી શિવજી મંદિરના આગળના ભાગેથી મળી આવી હતી અને ડુંગર પર ઝાડની સાથે દોરડા વડે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. કલ્પેશ પટેલ ઘણા સમયથી દેવાના કારણે માનસિક તાણમાં રહેતો હતો અને ઘરના સભ્યો સાથે વધારે વાત કરતો ન હતો. દેવાના કારણે માનસિક તાણમાં આવી આપઘાત કરી લીધો હતો.

# ખેરગામના ૧૫ ગામનો ચીખલી પોલીસમાં સમાવેશ

**ચીખલી** પોલીસ મથકનો કાર્યભાર વધ્યો છે ત્યારે પૂરતું મહેકમ ફાળવવામાં આવે તે જરૂરી


ઘેજ : ખેરગામ પોલીસ મથકના તાબામાં ચીખલી તાલુકાના ૧૫ ગામોને ફરી ચીખલી પોલીસ મથકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ચીખલી પોલીસ મથકનો કાર્યભાર વધ્યો છે. ત્યારે પૂરતું મહેકમ ફાળવવામાં આવે તે જરૂરી છે.

ચીખલી તાલુકાનું વિભાજન થવા સાથે ૨૦૧૪ માં ખેરગામ તાલુકો અસ્તિત્વમાં આવ્યા બાદ ખેરગામની આજુબાજુના ચીખલી તાલુકાના રૂમલા, ઘેજ, માંડવખડક સહિતના ૧૫ ગામોમાં કાયદો વ્યવસ્થા જાળવવાની કામગીરી ગૃહ વિભાગ દ્વારા ખેરગામ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવી હતી. જેમાં ઘણીવાર સુલેહ-શાંતિના ભંગના કિસ્સામાં ખેરગામ પોલીસ સ્ટેશનમાં હાજર થયા બાદ તાલુકો ચીખલી હોવાથી ખેરગામથી ચીખલી મામલતદાર સમક્ષ જવા લોકોને ભારે હાલાકી પડી રહી હતી. ઉપરોક્ત સ્થિતિમાં ચીખલી તાલુકાના કેટલા ગામના આગેવાનો દ્વારા ઘણા વર્ષથી ખેરગામના સ્થાને ચીખલી પોલીસ મથકમાં જ સમાવેશ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી રહી હતી.

આ દરમિયાન હાલે ગૃહ વિભાગ દ્વારા ચીખલી તાલુકાના રૂમલા ચોકીના રૂમલા, અગાસી, માંડવખડક, આંબાપાડ, પ્રધાનપાડા, સિયાદા, વેલણપુર, ધોડવણી, ગોડથલ, મિયાંઝરી, મોગરાવાડી, ઢોલુમ્બર, ઘેજ, ચરી સહિતના ૧૫ ગામોનો હવે ચીખલી પોલીસ મથકમાં સમાવેશ કરવામાં આવતા હવે આ ગામોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાનું કામ ચીખલી પોલીસ મથક દ્વારા કરવામાં આવશે. જો કે ચીખલી પોલીસ મથકમાં હવે વધીને ૭૧ ચીખલી તાલુકાના તમામ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારે હવે વધેલા કાર્યભરની સામે પુરતુ મહેકમ પણ ફાળવવામાં આવે તે જરૂરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નામનાથી દૂર રહી કામ કરીને ખસી જાય તે મહાપુરુષ : પદ્મદર્શનસૂરિજી



સુરત : વલસાડ નજીક શ્રી રત્નાકરસૂરિ સમાધિ મંદિરના વિહારધામ ખાતે પૂ. આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ મુનિ ભગવંતોની પધરામણી થઈ હતી. સિધ્ધાન્ત મહોદધિ, વાત્સલ્યવારિધિ જૈનાચાર્ય પૂ. પ્રેમસૂરિદાદાની 142મી જન્મતિથિ પ્રસંગે પૂ. આ. પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, જિનશાસનના તેજસ્વી તારલા તરીકે પિંડવાડાના પનોતાપુત્ર પ્રેમચંદમાંથી પ્રેમસૂરિજી મ. સુધીની જીવનયાત્રા જગતને અવનવો બોધ આપે છે. પૂર્વના ભવની સાધના ચાલતી હોય અને મૃત્યુ આવી જાય ત્યારે આવા યોગી કક્ષાના સાધકો આ ધરતી ઉપર પોતાની સાધનાને આગળ વધારવા જન્મ લેતા હોય છે. રાષ્ટ્ર, સંસ્કૃતિ અને ધર્મ માટે મસીહા બનીને મહાપુરુષો પોતાની જાતને નીચોવી નાંખતા હોય છે. નામના અને કામનાથી સદા દૂર રહી કામ કરીને ખસી જાય તેને મહાપુરુષ કહેવાય. પૂર્વ ભવનાં કોઈ વિશિષ્ટ કોટીનાં સંસ્કારોનો વારસો લઈને મહાપુરુષો આ ધરતી ઉપર જન્મ લેતા હોય છે. ત્યાગનો રાગ અને રાગનો ત્યાગ એ પૂ. પ્રેમસૂરિદાદાનું જીવનસૂત્ર હતું.

### ચંદ્રગ્રહણ નિમિત્તે ગણદેવી તાલુકામાં મંદિરોના કપાટ બંધ



કેરસી બારીયા

બીલીમોરા : હોળી અને ધુળેટી વચ્ચે આવેલા ચંદ્રગ્રહણને પગલે બીલીમોરા, ગણદેવી અને અમલસાડમાં ધાર્મિક માન્યતાઓ અનુસાર મંદિરોના કપાટ બંધ રાખવામાં આવ્યા હતા. મંગળવારે સવારે ૬ વાગ્યાથી સૂતક કાળ શરૂ થતા જ અનેક મંદિરોના દરવાજા બંધ કરવામાં આવ્યા હતા, જે સાંજે ૭ વાગ્યે ગ્રહણ પૂર્ણ થયા બાદ ખુલ્યા હતા. બીલીમોરા સ્થિત સોમનાથ મંદિર, સહિત સેંકડો મંદિરોમાં આરતી બાદ નિયમિત કાર્યક્રમો સ્થગિત રાખવામાં આવ્યા હતા અને સાંજે પુનઃ આરતી કરવામાં આવી હતી. ચંદ્રગ્રહણ એક ખગોળીય ઘટના છે, જેમાં પૃથ્વી સૂર્ય અને ચંદ્ર વચ્ચે આવી જતા ચંદ્ર પર પૃથ્વીનો પડછાયો પડે છે અને આ સ્થિતિમાં ચંદ્રગ્રહણ સર્જાય છે.

### ચંદ્રગ્રહણને પગલે પારડીના મંદિરો બંધ



અમૃત પટેલ

પારડી : મંગળવારે ચંદ્રગ્રહણ હોવાના કારણે પારડી અને તાલુકાના ગામડાઓમાં મંદિરો બંધ રહ્યા હતાં. ચંદ્રગ્રહણના કારણે ભક્તો દેવી-દેવતાઓના પૂજા પાઠથી દૂર રહ્યા હતાં. ચંદ્રગ્રહણ પૂર્ણ થયા બાદ રાબેતા મુજબ દરેક મંદિરોમાં પૂજા પાઠ શરૂ કરાયા હતા. ચંદ્રગ્રહણ બપોરે 3.20 વાગ્યે શરૂ થયું અને સાંજે 6.46 વાગ્યે પૂર્ણ થયું હતું. ચંદ્રગ્રહણનો સૂતકકાળ ગ્રહણ શરૂ થવાના 9 કલાક પહેલા લાગી જાય છે. આ ગ્રહણનો સૂતકકાળ સવારે 6.20 વાગ્યે શરૂ થઇ ગયો હતો. પારડીમાં આવેલા પ્રાચીન વૈજનાથ મહાદેવ મંદિર, એકલિંગી મહાદેવ મંદિર, બહુચરા માતા, ચંદ્રિકા માતા મંદિર, જગદીશ્વર મહાદેવ મંદિર, પંચનાથ મહાદેવ, રોકડિયા હનુમાનજી, પલસાણા ગંગાજી રામેશ્વર મહાદેવ મંદિર સહિત ગામડાઓમાં આવેલા વિવિધ મંદિરો બંધ રહ્યા હતાં. હિન્દુ ધર્મમાં ચંદ્રગ્રહણનો ધાર્મિક મહત્વ હોય છે. ચંદ્રગ્રહણ દરમિયાન વિવિધ નિયમોનું પાલન કરવાનું હોય છે જે નિયમો મુજબ મંદિર બંધ રહ્યા હતાં.

### ટેલિગ્રામ ઓનલાઈન પ્રોફિટની લાલચમાં વાપીના યુવક સાથે છેતરપિંડી

વાપી : ટેલિગ્રામ ઓનલાઈન પ્રોફિટની લાલચમાં વાપીના યુવક સાથે રૂપિયા 34 હજારની છેતરપિંડીની ફરિયાદ વાપી ટાઉન પોલીસ મથકમાં કરવામાં આવી હતી. વાપી ગીતનગરમાં રહેતા દિપકકુમાર સંતોષ ત્રિપાઠી (ઉ.32)ના ટેલિગ્રામ આઈડી પર એક લીક આવેલી અને તેમાં ઓનલાઈન મેમ્બરશીપની પ્રોસેસ માટે રૂપિયા 1999 ભરાવ્યા હતા અને તે બાદ તેને પ્રોફીટમાં રૂપિયા 2,399 મળ્યા હતાં. જે બાદ બીજા રૂપિયા 6,999 ટ્રાન્સફર કર્યા હતા અને તેનું રીફન્ડ મળશેનું જણાવ્યું હતું. એરર આવેલી હોય અને રૂપિયા ફ્રીજ થયેલા હોવાનું જણાવી વધુ રૂપિયા 27,538 ટ્રાન્સફર કરશો તો પ્રોફીટ મળશે. જેથી તે રૂપિયા પણ ટ્રાન્સફર કર્યા હોવા છતાં કોઈ રકમ મળી ન હતી. જે બાદ તેણે ટેલિગ્રામ ઉપર જ રૂપિયા 34,537 પરત માંગણી કરતા કોઈ રકમ પરત મળી ન હતી. પ્રોફીટ આપવાના બહાને તેની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી થતાં દિપક ત્રિપાઠીએ વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### ચીખલી તાલુકામાં રૂપિયા ૩.૧૧ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકાના પીપલગભાણ, સાદકપોર, ખુંધ, આલીપોર અને સુથવાડ ગામોમાં કુલ રૂપિયા ૩.૧૧ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત મંત્રી નરેશ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રી નરેશભાઈ પટેલે ગ્રામજનોને સંબોધતાં જણાવ્યું હતું કે માર્ગ, ગ્રામ પંચાયત ભવન અને આંગણવાડી જેવા આધારભૂત માળખાં કોઈપણ ગામના સર્વાંગી વિકાસ માટે પાયો સમાન ભૂમિકા ભજવે છે. આવા સુવિધાસભર માળખાં ઉભાં થવાથી ગ્રામજનોને એક જ સ્થળે શૈક્ષણિક, સામાજિક અને વહીવટી સેવાઓ ઉપલબ્ધ બને છે. જેના પરિણામે ગામમાં સંકલિત અને સુવ્યવસ્થિત વિકાસની પ્રક્રિયા મજબૂત બને છે. આંગણવાડી જેવી સંસ્થાઓ દ્વારા બાળ વિકાસને પ્રોત્સાહન મળે છે. જ્યારે પંચાયત ભવન ગામના આયોજન અને નિર્ણય પ્રક્રિયાનું કેન્દ્ર બને છે. આ ખાતમુહૂર્ત કાર્યક્રમ દરમિયાન ચીખલી તાલુકા પ્રમુખ રાકેશ પટેલ, બાંધકામ સમિતિ અધ્યક્ષ બાલુભાઈ પાડવી, તાલુકા પંચાયતના પદાધિકારીઓ તેમજ સંબંધિત ગામોના સરપંચો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### નવસારીમાં મજૂરે હાથ પર ચપ્પુ મારી દીધું

નવસારી : નવસારીના રામજીખત્રીની નાળ વિસ્તારમાં રહેતા ૪૨ વર્ષીય મજૂર મનોજભાઈ દેવીપુજકે તા. ૦૨/૦૩/૨૦૨૬ના રોજ સવારે પોતાના ઘરે ડાબા હાથ પર ચપ્પુ મારી ઈજા કરી હતી. ઘટનાની જાણ થતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને નવસારી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હાલ તેઓ ભાનમાં છે અને સારવાર હેઠળ છે. આ અંગે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ નોંધ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.